READY પ્રોગ્રામ અંતર્ગત કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ડેરોલ ખાતે B. Sc. (Agri.) ના વિદ્યાર્થીઓની મુલાકાત

બં. અ. કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ., આણંદના B.Sc. (Agri.) ના સાતમાં સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ તા. ૧૮-૧૯/૧૦/૨૦૨૩ના રોજ READY પ્રોગ્રામ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ (પંચમહાલ)ની મુકાલાત લીધેલ.

કેન્દ્રની મુલાકાતે આવેલ વિદ્યાર્થીઓને શરૂઆતમા ડૉ. એમ. બી. પટેલ (યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક) એ કેન્દ્રનો પરીચય તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન યોજનાઓમાં લેવાતા જુદા જુદા પાકના અખતરાઓ તથા બ્રીડર બીજ ઉત્પાદન વિષે માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ શ્રી સી. બી. ડામોર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) એ કેન્દ્ર ખાતેની ચાલતી વિસ્તરણની પ્રવૃત્તિઓ, મકાઈના અખતરાઓ તેમજ બીજ ઉત્પાદન અંગે વિસ્તૃત માહિતી આપી. શ્રી જી. ડી. હડિયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્ર) એ ખરીફ ઋતુમાં લેવામાં આવેલ પાક સંરક્ષણના અખતરાઓ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી. ડૉ. આર. વી. હજારી અને શ્રી આર. એલ. ચવધરી, ખેતી અધિકારીએ ફાર્મવિઝીટ કરાવી દિવેલા, સોયાબીન, ગુવારના બીજ ઉત્પાદન કાર્યક્રમ તેમજ સસ્યવિજ્ઞાન ના અખતરાઓ વિષે માહિતી આપી. શ્રી હેમંત અડસૂલએ ઓરાણ ડાંગર તથા મગના અખતરાઓની માહિતી આપી.

કૃષિ સંશોધન કેન્દ્ર
AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ, જિ-પંચમહાલ.